કવી કાળીદાસ કૃત

ધ્રુવ આખ્યાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. મંગળદાસ લલ્લુભાઇ નારણદાસ બુકસેલર
લીમડાચોક—સુરત.

શ્રી 'અનાવિલ'

ધ્રુવ આખ્યાન.

(વાસાવડના કાળીદાસની કવિતા જણાય છે.)

ચંદ્રાવળી.

શ્રી ગુરૂ ગોવિંદને વાંદું, પ્રેમશું લાગુ પાંય
આરાધું અવિનાશી એવા આદિ નિરંજનરાય;
આદિ નિરંજન અકળ સ્વરૂપ, રામે લીધાં રમવા રૂપ,
સૃષ્ટિ નિપાવા થઇ મનસાય, શુભટ થઇ પોઢયા જળમાંય

હરખ ન માયે હૈડામાંય, ધ્રુવજી રમતાં આવ્યા ત્યાંય;
ઉછંગ બેસવા કીધા મન, અપરમા કહે કઠણ વચન.
જે. જે. ૪

સુમતી—અપરમા એમ બોલ્યાં ભુંડાં, એ સુખ તુજને ક્યાંથી;
અભાગણીના પેટતણું તું, જાને અહરમી મહાંથી;
ઇહિંથી જઇ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છંડ;
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર.
જે. જે. ૫

વચનો વિનતાના સાંભળી, ઉતાર્યો મોનો રંગ;
સભા ને સહુ દેખતાં, ધ્રુવજી થયા મનભંગ;
મન ભંગ થઇ નાખ્યો નિશ્વાસ રોતા આવ્યા માની પાસ
[illegible] કોણે દુભવ્યા આજ
જે. જે ૬

નથી સંતોષ્યા સાધુને, નથી આપ્યાં વિપ્રને દાન
ઓછાં કર્મ જમાં આપણાં ત્યારે, ક્યાંથી રાયનાં માન;
માન ભોગવે ઉત્તમ નિત્ય, દત્ત વિના કેમ પામીયે વત્ત;
જો હોય ઇંદ્રાસનનો ખપ, તો કુંવર જૈ માંડો તપ.
જે. જે. ૯

તપ માંડયો બ્રહ્માજીયે ત્યારે, પામ્યા પદ્માસન;
સેવા કીધી મન ભાવતી ત્યારે પ્રગટયા નારદ મુન;
મુનિયે માંડયો મોટે જાગ, તપ તીરથ વ્રત થયાં સુભાગ;
જો કરીયે શ્રીહરિ પ્રસન્ન, તો અભાગીયાં ટળીયે તન.
જે. જે. ૧૦

ધ્રુવ—તને અભાગણી શું દાખું મા, છુંરે તમારો તન;
વનમાં જાઉં વેગે કરીને, સુખ સંભા... ન ...
સુખ સંભારે મા...
કરી ...

એ છે અનાથનોરે નાથ, તેને ભજવા જાઉં રે માત.

જે જે. ૧૩

સુરતી—વળી માતા એમ ઉચરે કુંવર, પાંચ વર્ષનો તન;

બીજું બાળક એકે નથી, કેમ હું વાળું મન;

કેમ મોકલું વનની વાટે. કહેતાં મારાં હૈડાં ફાટે;

આંખની આગળ રહેરે બાળ, ઘેર બેઠાં ભજીયે ગોપાળ

જે જે. ૧૪

ધ્રુવ—ઘેર ગોપાળ ન પામીયે મનમાં, મોહ ઉપજે માય;

ખાતાં પીતાં પહેરતાં માતા, કેમ દમાશે કાય;

કાય દમતાં સરશે કાજ, તપ કરતાં મળશે મહારાજ;

વનમાં જૈ વહેલો આવીશ, માતા દો મુજને આશિષ.

જે જે. ૧૫

કલ્યાણ;

આજ્ઞા માગીને સાંચર્યો, વંદીને શુકન;
શુકને મળી સવત્સી ગાય, સુવાસણી એકું ભરી જાય;
વરકન્યા પરણીને વળ્યાં. વેદ ભણતા વિપ્રજ મળ્યા.
જે. જે. ૧૮

મળ્યા શુકન સૌ હર્ષના, ધ્રુજી નીકળ્યા નગર બહાર;
આગળ જાતાં ધ્રુવજીનેરે, મળીયા બ્રહ્મ કુમાર;
બ્રહ્મ-કુમાર ભગવાનને ચહાતા, હરીગુણ ગાતા વેણ સુવાતા;
કરજોડી કહે છે ભૂપ તન, ક્ષમા કરો તમે નારદ મુન્ય
જે. જે. ૧૯

નારદ-નારદ કહે શીદ જાઓ છો, શું છે તમારે કામ;
કોણ તમારાં માત પિતાને; શું છે તમારું નામ;
ધ્રુવ—મારું નામ છે ધ્રુવ નિર્ધાર, મારા પિતાને બે છે નાર;
રાય રાણી બેઠા સોરંગ, ઉત્તમને તેડે

નારદ—જારે ઘેલા અત્યારથી તું, એવો શો ધરે કાળ;
માન કુમાન શું તાહરે તું તો, પાચ વર્ષનું બાળ;
બાળકને શાં ધરવા બોલ, ખાઓ પીઓ ને કરો કલોલ;
અપરમાનાં એવાં હેત, વિચારીને વાળો ચેત.
જે. જે. ૨૩

ધ્રુવ—ચિત્ત તે કઇ પેર વાળીએ, મને બોલાવ્યો નહિ બાપ;
કશાયમાં લેખાતો નહિ હું તો, તે ઉકળું છું તાપ;
નારદ—તાપ કુંવર નહિ આણીએ રતિ, સુખ દુખનું કોઇ સરીગત નથી;
હરીએ નિરમ્યું તેમજ હોય, કર્યાં કર્મ છોડાવે ન કેય.
જે. જે. ૨૪

નારદ—કો કાળે વૃદ્ધિ હાણ છે તેનો, ન ધારો હર્ષ કે શોક;
અણચિંતવ્યું જે આવી મળે; તેનો ધર સંતોક;
[illegible] પધારો, અપરમાના બોલ વીસારો;
[illegible] અપાવું ને માને સહુ.
[illegible]

વાઘ વરૂ વનમાં બહુ હશે, તે દેખી તુજ તન ધ્રુજશે.
જો. જો. ૨૭

જાશે ચિત્ત સંસારમાં ત્યારે, સાંભરશે રંગભોગ;
ભુખ તરશ જ્યારે લાગશે, ત્યારે કુંવર મુકશો જોગ;
(ધ્રુવ)—જોગ ઋષિ નહિ મુકું સ્વામ, મન ધીરજ રાખીશ ઠામ;
મેરૂ ચળે પણ ચુકું નહિ, ઋષિજી તમ પરતાપે સહી.
જો જો. ૨૮

નારદ-ઋષિ કહે નીસર્યો ત્યારે, જાને મધુવન માંય;
જમુનાજીમાં નાહિને તું, તપ આદરજે ત્યાંય;
ત્યાં જપ કરજે અલ્પાશન, જળ પત્ર ને ફળ પ્રાશન;
વળી તું ભજજે હરીનું નામ, સ્વરૂપ સ્મરજે શ્રી ઘનસ્યામ

સ્યામને

મન માન દીધાં બ્રહ્મ-પુત્રને, વળી આપ્યાં આસન;
આપ્યાં આસન બેઠા ઋષિ, આશા ઉત્તમ તાતને વશી;
(રાજા)—આશારે ઋષિ સુખના રાજ, ધ્રુવ વિના ચિંતા
અતિ આજ. જે જે. ૩૨

આજ સભામાં ઋષિજી મારે, ઉત્તમ ખોળામાંય;
ધ્રુવજી હોય તો આજ વધે બહુ, ઉછંગની શોભાય;
ઉછંગે બેસવા ધ્રુવજી આવ્યો, તેને તો મેં નવ બોલાવ્યો,
ઓને વરાંસે વીસર્યું બાળ, અપરમાએ દીધી ગાળ.
જે જે. ૩૩

ઋષિ એ વચને નીસર્યોરે, વીરો ગયો છે વન;
વનમાં વાઘ વરુ હશે તેને, દુખી ધ્રુજશે તન;
[illegible] ટાઢે, મંદિરમાં માલતો લાડે;
[illegible] કાયા કોમળસાર.
જે. જે. ૩૪

વળી વીરો અહિંયા આવતો, રમતો રંગ અપાર;
ભુખ તરસ જ્યારે લાગતી, સુખડી માગતો સાર;
સારી સુખડી સુંદર મેવા, કાલુ કાલુ બોલતો લેવા;
તેણે અમને કીધાં તાજ; પુત્ર વિના શું કરવું રાજ.

જો. જો. ૩૭

શુ કરીયે વડી સાહેબી, ચિત્ત ઠરતુ' નથી કોઇ ઠામ;
શું કરીયે આ રાજને, શુ કરીયે ધનને ધામ;
ધન ગયું અમારૂં આજ, પુત્ર વિના સૌ સુનો સાજ;
પુત્ર વિના છુ દુર્બળ દુઃખી, મારા પ્રાણ જશેરે રૂખી.

જો. જો. ૩૮

નારદ—રૂષિ કહે તમે માં રૂવો, મને મોકલ્યું હતુ તે બાળ;
આશીર્વાદ દેઇ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ;
ગોપાળ ભજશે દિવસ થોડે, કુંવર ગો
આડો રાજ ને લે

એમ કરતાં વિત્યા ખટ માસ, રૂદિયામાં ઓળખ્યા અવિનાશ.

જે. જે. ૪૧

અવીનાશીને ઓળખીયારે, એમ ઉભો રાજન;
પૃથિવ લાગી ડોલવા ત્યારે ડોલ્યું ઇંદ્રાસન;
ઇંદ્ર અમર સૌ એકઠા થયા, વેગે કરી વૈકુંઠે ગયા;
જઇ કેશવને લાગ્યા પાય, મધુવનમાં કોઇ કષ્ટે કાય.

જે. જે. ૪૨

દેવતા–કાયા કષ્ટી વશ રાખવી એ, ઇંદ્રી મન અચેત;
અચરત એનો ઘણું એમ, બોલ્યા અમર ધરી હેત;
અમર કહે અમને બીક લાગી, રખે લીયે ઇંદ્રાસન માગી;
વિષ્ણુ–વિષ્ણુ કહે સાંભળ સુરપતિ, રાજભોગ એ કછનો નથી.

જે. જે. ૪૩

નથી કછનો સુખ તેહ;
નથી એહ;
દેહ;

નેત્ર ભરી નીહાળીનેરે, પ્રેમ શું પાયે લાગ્યા;
પ્રેમે કરી પરણામ્યા નાથ, હરાયે મેલ્યો મસ્તક હાથ;
નિર્મળ વાણી હવી પ્રકાશ, સ્તુતિ કરે કરજોડી દાસ.
જે. જે. ૪૬

પ્રુવ—દાસ દયાળને વિનવે, તમો સર્વ જગતના ભૂપ;
અકળ તમારી ગતિ છે ન્યારી, અકળ તમારૂં સ્વરૂપ;
સ્વરૂપ નામ તમારા જેહ, ગણતાં પાર ન પામું તેહ;
સઘળી વાત છો તમે શ્યામ; પ્રાણી માત્ર કરે પ્રણામ.
જે. જે. ૪૭

પરણામી પરમાત્મા શ્રીહરિ, સારંગપાણી હોય;
અદ્ભુત શકિત આપની, તાગ પ
પાર ન જ
એવ

શોક કહે રઝળીને મુઓ, સ્વજનોમાંથી પડ્યો જુજવો.
જે. જે. ૫૦

પડ્યો સ્વજનથી જુજવો ત્યારે, મુરલીને દુઃખ થાય;
ઘેર જાને વીરા તું તારી, વાટ જુએ છે માય;
મા ને બાપતણું દુઃખ કાપો, અહીંથી જઇ સૌને સુખ આપો;
મારી આજ્ઞા પાળજ આજ, છત્રીસ હજાર વર્ષ ભોગવ રાજ.
જે. જે. ૫૧

રાજ ભોગવી તું આવજે, તને મોકલીશ એક વિમાન;
તેમાં બેસી તું આવજે, તારૂં થશે જગતમા જાણ;
જાણ જગતમાં થાશે રાય, તેણે વધશે તુજ મહિમાય;
કવિ—આપી વચન વળ્યા ગોપાળ, જમુનાજીમાં નાખ્યું બાળ.
જે. જે. ૫૨

વિચાર;

લોકો—હરિ દર્શન કરીને આવીયોરે, રાય તમારો તન;
રાજા—હું દુઃખિયાને શું હસો છોરે, તમે તો સર્વે જન:
દુઃખિયાને શું હસવા આવ્યા, વને ગયા કેમ આવે પાછા;
વન ગયાને થયા ખટ માસ, તે કુંવરનો શો વિશ્વાસ.
જે. જે ૫૫

કવિ—જ્યાં વિશ્વાસ ન આવ્યો ત્યારે, આવ્યા નારદમુન,
નારદ—હરિ દર્શન કરીને આવ્યોરે, રાય તમારો તન:
રાય તમારો તન થયું જોવો, એ ફળમાં પ્રગટ્યો દીવો:
કવિ—વચન સુણી રીઝયા નરપતિ, વળતી વધામણી આપી અતિ
જે. જે. ૫૬

વધામણીમાં આપ્યા રૂડા : ગે
: થે ગોળ
...

એર ચાલી તે કુંવર પીધી, માતાયે ઘણી આશીષ દીધી,
સુરતી—ઘણા વર્ષ જીવોરે તને, તમે કર્યા છે કુળપાવન.
જે. જે. ૫૯

પાવન કર્યાં કુળ આપણું, વંશે વધાર્યાં નામ,
મહિમા વધાર્યો જગતણો તે, તેં ભજીને શ્રીરામ;
કવિ— રામ ભગત તડમામા દીઠા, ઉત્તમે ત્યાં છાપડા દીધા,
અન્ને બાળની પોતી રળી, હેતનાં આંસુ આવ્યાં વળી.
જે. જે. ૬૦

વળી રોપવ્યા બારણા આગળ, કોમળ કેળના થંભ;
અક્ષત અંકુર કુમકુમ ને જળ, ભરી ચઢાવ્યા કુંભ;
કુળ દીપક અમર લખિયાજ, તુંને અવિચળ હોજો રાજ,
ગામ નો નિજ પ્રસાદ.
જે. જે. ૬૧

વર્ણાશ્રમના ધર્મ બધાને, સમજાવે મુજાણ,
ધ્રુવ—આપ આપના ધર્મ પાળીયે, જે લખ્યું હોય ગીર્વાણ.
ગીર્વાણ–શાસ્ત્ર ભણેરે બ્રહ્મ, આયુષ બાંધવા ક્ષત્રી ધર્મ.
વૈસ્યને કર્યા ખેતી વેપાર, શુદ્રને સેવાનો અધીકાર.
જે. જે. ૬૪

સેવા તે સઘળા વરણને, હરી ભજેને નિત્ય;
વરણ ધર્મ સૌ પાળીયે સાચું, બોલીયે તે શુભ રીત;
સાચું બોલી સંતોષ વાળીયે, મોહ માયા મત્સર ટાળીયે;
ન કરો કુડ કપટ અન્યાય, એટલી શીખામણ દે છે રાય.
જે. જે. ૬૫

કવિ—છત્રીસ હજાર વર્ષ વહિ ગયાં ત્યારે આવ્યું વિમાન પાસ;
વિમાને બેસીને સંચર્યા, ધ્રુવજી ... ...
આકાશમાં ...